Seat No.......

[11/A-1]

No.ofprinted page–2

# SARDAR PATEL UNIVERSITY

**B.A. (Semester-5th) Examination-2022**

**Tuesday, 15th November 2022**

**10:00 A.M. to 01:00 P.M.**

**GUJARATI**

**UA05CGUJ24**

**અપઠિત (Unseen)**

કુલ ગુણ - ૭૦

.....................................................................................................................

પ્રશ્ન.૧ કોઇપણ બે નો વિચાર વિસ્તાર કરો. **(17)**

૧. ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ નવ સરે
મત્સ્યભોગી બગલો મુક્તાફળ દેખી ચંચુ નવ ભરે.

૨. જગતની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી.

૩. મને મળી નિષ્ફળતા અનેક
તેથી થયો સફળ કૈક હું જિંદગીમાં.

૪. સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય.

પ્ર.શ્ન.૨ કોઈપણ ત્રણ છંદનું બંધારણ ઉદાહરણ સહિત સમજાવો. (18)

1. મંદાક્રાન્તા 2. પૃથ્વી 3. શિખરિણી

4. દોહરો 5. ઝૂલણા 6. હરિગીત

પ્રશ્ન 3 કોઈપણ ત્રણ અલંકાર વ્યાખ્યા આપી ઉદાહરણસહિત સમજાવો. (18)

1. ઉપમા 2. ઉત્પ્રેક્ષા 3. રૂપક

4. દ્રષ્ટાંત 5. વર્ણાનુપ્રાસ 6. સસંદેહ

(P.T.O.)

પ્રશ્ન ૪ નીચેમાંથી કોઈપણ એક પરિચ્છેદનો સંક્ષેપ કરો (17)

(૧)

વિવિધ પ્રકારના ધર્મ પ્રવર્તકો અને સુધારકો કરતાં કેળવણીકારમાં વધુ ધીરજ હોય છે. કેળવણીકારનું મુખ્ય કામ દરેક માણસની અંદર રહેલા સર્જક-તત્ત્વને સક્રિય બનાવવાનું છે. માણસને જીવનમાં અમુક એક જાતની જ પરિસ્થિતિનો સામનો કરવાનો આવશે એવું નથી. માણસ જે કોઈ પરિસ્થિતિમાં મુકાય તેનો પોતે રચનાત્મક રીતે ઉપયોગ કરી શકે એવી સ્થિતિમાં એ હોવો જોઈએ. સાચો કેળવણીકાર કોઈ ચોક્કસ ઉકેલો હાથમાં પકડાવતો નથી, પણ ઉકેલ શોધવાની પ્રક્રિયા માણસમાં કામ કરતી થાય એમાં મદદરૂપ બને છે. અંગ્રેજી શબ્દ "એડ્યુકેશન' પાછળના લેટિન મૂળનો અને સંસ્કૃત પર્યાય વિનયનો અર્થ પણ માણસના ચૈતન્યને બહાર આણવું-પ્રેરવું એ જ છે. આ કેળવણીનો કીમિયો લગભગ માતા જેવો પ્રેમ અને ધીરજ જેનામાં હોય તેવો શિક્ષક અજમાવી શકે. જીવનના બધા પ્રશ્નો જેમ અંતે કેળવણીના પ્રશ્નો છે. તેમ કેળવણીનો પ્રશ્ન એ છેવટે શિક્ષકનો પ્રશ્ન છે.

– ઉમાશંકર જોશી

(૨)

આપણને જે જરૂર છે તે બળની છે. તમે તમારી જાતમાં આત્મશ્રદ્ધા પ્રગટવો, આપણે આત્મશ્રદ્ધા ખોઇ બેઠા છીએ અને તેથી જ ગુપ્તવિદ્યા, રહસ્યવિદ્યા અને એવી છાની છાની બાબતો આપણામાં ઘૂસતી આવે છે તેમાં કદાચ સત્ય હશે, પણ એ બધી વિદ્યાઓએ આપણને લગભગ નિર્માલ્ય બનાવી દીધા છે, તમારા જ્ઞાનતંતુઓ મજબૂત બનાવો. આજે આપણને જરૂર છે લોખંડી સ્નાયુઓની અને પોલાદી જ્ઞાનતંતુઓની. ઘણા કાળ સુધી આપણે રોતલ રહ્યા છીએ. હવે રોવાનું છોડી દઈને તમારા પોતાના પગ પર ખડા થાઓ અને મર્દ બનો, મર્દ બનાવનારા ધર્મની આપણને જરૂર છે. મર્દ બનાવનારા સિદ્ધાંતોની આપણને જરૂર છે અને સાચનું પારખું આ છેઃ જે કાંઈ તમને શારીરિક રીતે, બૌદ્ધિક રીતે અને આધ્યાત્મિક રીતે દુર્બળ બનાવે તેને ઝેર ગણીને છોડી દો. એવી વસ્તુમાં જરા પ્રાણ નથી. એ સાચું હોઈ શકે જ નહિ. સત્ય એટલે શકિત, સત્ય એટલે પવિત્રતા, સત્ય એટલે સર્વજ્ઞતા, સત્ય તો માણસને બળદાયક નીવડવું જોઇએ, પ્રકાશ આપનાર હોવું જોઈએ.

—x—